બઢતીની વિચારણા માટેની પસંદગી
સમિતિની રચના બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ડીવાયએસ-૧૦૨૦૧૨-૨૦૪૯૭૨-બ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- - /૫/૨૦૧૨
28 MAY 2012

**ઠરાવ -**

ગૃહ વિભાગ હેઠળ પોલીસ ઇન્સ્પેકટર, વર્ગ-૨ તરીકે ફરજ બજાવતા અધિકારીઓને નાયબ પોલીસ અધીક્ષક, વર્ગ-૧ સંવર્ગમાં બઢતીની માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૦/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૭-૭૪૫-ગ.૨ની જોગવાઇ ધ્યાને લઇ નીચે દર્શાવ્યાનુસાર પસંદગી સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવતી હતી.

| | | |
|---|---|---|
| 1. | અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, | અધ્યક્ષશ્રી, |
| 2. | અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ગૃહ વિભાગ | સભ્યશ્રી |
| 3. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |

ઉક્ત પસંદગી સમિતિની રચના સંબંધમાં સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં પુનઃ વિચારણા હાથ ધરાયેલી. પુખ્ત વિચારણાને અંતે, નાયબ પોલીસ અધીક્ષક, (બિનહથિયારી) વર્ગ-૧ અને નાયબ પોલીસ અધીક્ષક, (હથિયારી) વર્ગ-૧ સંવર્ગમાં બઢતીની વિચારણા માટે પસંદગી સમિતિની રચના નીચે દર્શાવ્યાનુસાર કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| 1. | અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૮/૧/૨૦૦૪ના પરિપત્ર ક્ર. એસએલટી-૧૦૨૦૦૪-૯૫-ગ.૨ ની જોગવાઇ અનુસાર પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે પ્રવર અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી રહેશે. |
| 2. | અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) / અગ્ર સચિવશ્રી(ગૃહ) ગૃહ વિભાગ | |
| 3. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૬/૫/૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
સરકારના નાયબ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ (પત્રથી)
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.
- શાખા સિલેકટ ફાઈલ.